સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ફરી માલ્યાનાં અનાથ બચ્ચાંનું લ્યો! પોષણ કરો,
ફરી વેન્ટીલેટરે, બચી બેન્કોનું શોષણ કરો!
ઘોષણાઆ કરો દયાળુ થવા બધા ચોકીદારોને -
ફરી સો ઉંદર મારી, સત્સંગના ભાષણ કરો !
(સીબીઆઈ, રિઝર્વ, કેગની પરવા નહીં?)

હાઈકુ

રાખો ન ડર!
કેગ કાગારાળ નો -
આપી દો લોન...

લોન આપીને
ધોઈ નાખજો હાથ
સ્વચ્છ સાબૂથી....

ચિંતન

કાહે હરિણી દૂબરી, ઈહે હરિયરે તાલ;
લક્ષ અહેરી એક મૃગ, કૈતિક ટારૈ ભાલ ॥

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે આ મનુષ્યલોકમાં વસતો માનવ દેહ એક તળાવ સમાન છે. તે તળાવની આસપાસ જ્ઞાની સંતો અને સદ્‌ગુરુ જેવી હરિયાળી ફેલાયેલી છે. તેની વચ્ચે રહેવા છતાં મનુષ્યોની હરિણી સમાન ચંચળબુદ્ધિ, દુર્બળ અને શક્તિ વગરની કેમ રહે છે? કે જેથી કામ, ક્રોધ, લોભ, મોહ અને દ્વેષ જેવા શત્રુઓનો વિરોધ કે સામનો કેમ કરી શકતી નથી ?

કબીરના કહેવા પ્રમાણે માણસોનો જીવ અને મન એક મૃગસમાન છે. આસપાસ વસતાં કામ અને મોહ જેવા અનેક શિકારીઓ ભાલા અને બચ્છી જેવા અસ્ત્રો લઈ તેને વિંધિ નાખવા સજ્જ થઈને ઊભા છે. આવા દુશ્મનોનાં કેટલાં અસ્ત્રશસ્ત્રથી તે બચી શકે? બગવૃત્તિ ધરાવતાં ગુરુઓ પણ તે જીવને કઈ રીતે બચાવી શકે ? આવા ગુરુઓની વાક્‌ચાતુરીમાં ફસાઈને પણ માનવીની બુદ્ધિ શક્તિ હીન થઈ ગઈ છે.

જે લોકો પોતાની બુદ્ધિને સબળ અને શક્તિમાન બનાવવા ચાહતા હોય તેણે વિવેકનું આચરણ કરી કુગુરુ, કુસંગ, કુકર્મ, લોભ મોહ અને વાસનાનો અવશ્ય અને પ્રથમ ત્યાગ કરવો જોઈએ આ કબીરની શીખ છે.

સુવિચાર

- રમકડાં વેચતા ફેરિયાએ બુમ પાડી... જો તમારા બાળકો રમશે... તો અમારા બાળકો જમશે! - **જયંતિ અમીન**
- અપેક્ષા બ્લ્ડ સ્યુગર જેવી છે, વધી જાય તોય માણસને તકલીફ અને ઘટી જાય તોય તકલીફ... એક શરીર બગાડે ને બીજું સંબંધ - **જીવન પાથેય**
- જો દૃષ્ટિની કેળવણી સુંદર છે, તો ભાવોની મેળવણી પણ સુંદર રહેવાની - **એસ. ભટ્ટાચાર્ય**
- હથોડી કેટલીકવાર નિશાન ચૂકી જાય, અભિનંદન નહિ - **દાદા ભગવાન**
- સિકંદર હાલાત કે આગે નહીં ઝુકતા, તારા તૂટ ભી જાયે જમીન પર નહીં ગીરતા, અરે, ગિરતી હૈ હજારો નદિયાં સમુદ્ર મેં, પર કભી સમુદ્ર નદી મેં ગિરતે નહીં દેખા - **શાંતિ સૌરભ**
- મારી ચિતા બાળવા કોઈ ઝાડ તોડશો નહીં... આવતો જન્મ જો પક્ષીનો મળ્યો તો હું માળો ક્યાં બાંધીશ? - **શીલકામ્યાશ્રીજી મહારાજ**
- આજનું ઔષધ : વાગેલા ઘાનો સોજા ઉપર રાઈનો ભૂકો પાણીમાં મિક્સ કરી નવશેકું ગરમ કરી, ઘા ઉપર લેપ કરવાથી સોજા ઉતરે છે. પરંતુ આ લેપ દસ મિનિટમાં ધોઈ નાખવો **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અંજન મુનિએ એમના શિષ્યોને કહ્યું, ખુશી અપાર આનંદ કેટલી સરળતાથી મળી શકે છે તે હું આજે તમને જણાવીશ. મુનિ શિષ્યોને એક મોટા ઓરડામાં લઈ ગયા. જ્યાં ઘણા બધા પતંગ હતા. મુનિએ કહ્યું, 'દરેક જણ એક-એક પતંગ લઈ લો. અને તેના પર પોતાનું નામ લખીને મૂકી દો.' અને પછી બધાને ઓરડાની બહાર જવા કહ્યું, પછી સૌને પોતપોતાનો પતંગ લઈ આવવા કહ્યું. તમામ શિષ્યો એક સાથે અંદર દોડ્યા. અને પોતાનું નામ લખેલો પતંગ શોધવામાં હો-હા મચાવી દીધી. આમ કરવામાં બધાં પતંગ ફાટી ગયા. ત્યારબાદ મુનિ બીજા ઓરડામાં સૌને લઈ ગયાં. ત્યાં બીજા સાજા પતંગો બતાવી ને કહ્યું, 'સૌ પોતાનું નામ પતંગ પર લખી દો' અને સૌ કોઈ પણ એક પતંગ ઉઠાવી લે. સૌના હાથમાં એક એક પતંગ આવી ગયા. હવે મુનિ એ કહ્યું, તમારી પાસે બીજાના નામનો પતંગ આવી ગયો છે તે તે વિદ્યાર્થીને આપી દો. સૌ એ ચુપચાપ જેના નામનો પતંગ હતો તેને સરળતાથી આપ્યો. થોડી જ વારમાં સૌની પાસે પોતાના નામના પતંગ આવી ગયા.

આ પ્રસંગનો બોધ જણાવતા મુનિએ કહ્યું, 'ભાઈઓ, આપણે આનંદ સોધવા હાંફળા-ફાંફળા થઈ જઈએ છીએ. પરંતુ તે આપણી આસપાસ જ હોય છે. તેમ માત્ર તમારા નામનો પતંગ શોધવા પ્રયાસ કર્યો તો હો-હા થઈ અને બધાં પતંગ ફાટી ગયા. જ્યારે તમે શાંતિથી કોઈ પણ પતંગ ઉઠાવીને તેના પર જેનું નામ હતું તેને આપી દીધો તો બંનેને આનંદ મળ્યો. બસ આ જ રહસ્ય છે. સાચો આનંદ બીજાને આનંદિત કરવાં છે. એટલે પોતાનો આનંદ શોધવામાં બીજાને શા માટે વ્યાધિ આપવી જોઈએ ?'

કોરોના સરકારોને હંફાવે છે

તંત્રીસ્થાનેથી...

જ્યારે માંડ એકલદોકલ કેસ દેખા દઈ રહ્યા હતા ત્યારે લોકડાઉનના હુકમો જારી કરનારી સરકારે આખરે એની સાથે સમાધાન કરી લેવાની ફરજ પડી છે. એક જ દિવસમાં હજારોની સંખ્યામાં પોઝિટિવ કેસ આવી રહ્યા છે અને દિનપ્રતિદિન એમાં વધારો થઈ રહ્યો છે ત્યારે કેન્દ્ર અને રાજયોએ બદબાદ થઈ ગયેલી ઈકોનોમીને સાચવી લેવા કોરોના સામેની લડાઈમાં શસ્ત્રવિરામ જાહેર કરી દીધો છે. લોકડાઉન શ્રેણીના ચોખા તબક્કા સુધી કોરોનાની ચેઈન તૂટી નથી. મુંબઈ, દિલ્હી અને અમદાવાદ જેવા મહાનગરોમાં એણે માઝા મૂકી છે. તો વળી, સરકારને શ્રમિકો તથા વતન જવા માંગતા નગરવાસીઓને અનુકૂળ થવું પડ્યું એથી કોરોના છેક અંતરિયાળ ગ્રામ વિસ્તારોને ઘમરોળવા લગ્યો છે. કોરોના સામેની સરકારી હાકલા પડકારા અને દરબારી દેખાડાનો કરુણ રકાસ થયો છે. એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. અવઢવ સાથે ટ્રેનો અને હવાઈ જહાજોને પણ લીલી ઝંડી મળી ચૂકી છે. ટ્રેનો માટે પહેલાં નક્કી થયેલી તારીખ રદ કરાઈ, બુકીંગ કરનારાઓને રિફંડ અપાઈ ગયું, વળી પાછી નવી તારીખ નક્કી થઈ છે. વિમાન સેવા મુદ્દે કેટલીક વિપક્ષી રાજયસરકારોની અસંમતિ હજી પણ અકબંધ છે. મુંબઈ એરપોર્ટને ધીમી ગતિએ સક્રિય કરવા મહારાષ્ટ્ર સરકાર માંડ સહમત થઈ છે. નાટકીયા મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળના કોલકાતા અને બાગડોગરા એરપોર્ટ પર થોડા દિવસ પછી હવાઈ સવાઓ સ્વીકારવાની તૈયારી બતાવી છે. પંજાબના મુખ્યમંત્રીએ ક્વોરન્ટાઈનના કડક નિયમો અમલી બનાવ્યા છે. બિહારના મુખ્યમંત્રીએ તો શરમ છોડીને પેઈડ ક્વોરંટાઈનની જ શરત મૂકી છે. કેન્દ્ર સરકારે ખંડિત ઈકોનોમી ધબકતી કરવા બેન્કોને આદેશ કર્યા છે અને ત્રણ 'સી'ની બીક રાખ્યા વગર લોન વિતરણ શરૂ કરી દેવા જણાવ્યું છે. સીબીઆઈ, સીવીસી અને કેગ (સીએજી) - આ ત્રણે બંધારણીય સ્વતંત્રતા ધરાવતી સંસ્થાઓ બેન્કો સામે ચૂંકારું પણ નહીં કરે એની જવાબદારી કેન્દ્ર સરકારે લીધી છે. દેશ ભયંકર આફતમાં સપડાયો છે. કોરોના સામે જીવવાનું શીખવા માટે એને બે-અઢી મહિનાની જેમ ભોગવવી પડી છે. ગુજરાત વડાપ્રધાન અને ગૃહપ્રધાનનું હોમસ્ટેટ હોવા છતાં કોરોના સામે ઝીંક ઝીલવામાં અન્ય રાજયોની સરખામણીમાં નબળું પુરવાર થયું છે. એવા આંકડા છે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા કોરોનાના દરદીઓની હૃદયદ્રાવક કરુણાંતિકાઓ એક પછી એક બહાર આવતી જાય છે. હાઈકોર્ટ અમદાવાદની સિવિલ હોસ્પિટલના નીંભર તંત્રને કડક ભાષામાં ઠપકાર્યું છે અને એને મોતની કાજળકોટડી કહી મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી અને તંત્રના અધિકારીઓનો ઉઘડો લીધો છે. કલ્પના બહારની નાજુક પરિસ્થિતિમાં મુકાઈ ગયેલું હેરિટેજ સિટી કોટ અને નદી પારના વિસ્તારોમાં વહેંચાઈ ગયું છે. કોરોનાએ સરકારી વહેરાવંચાને લપડાક લગાવી પશ્ચિમ અમદાવાદને ઘમરોળવાનું શરૂ કર્યું છે. હથિયાર હેઠાં મૂકી દેવાનો અર્થ નથી, પ્રશ્ન એ છે કે જે હથિયારો વડે કોરોના સામે જંગ માંડ્યો હતો એ બૂઠાં તો નથી ને? લાકડાની તલવારે લડી રહેલ તંત્રને અમદાવાદ આટલો સવાલ જરૂર કરી શકે.

ઝુલતી વ્યાસપીઠના અજવાળા હૃદયમાં ઝીલાયા

અજવાળું - અજવાળું
તુષાર જોશી

હિંચકો

ત્રણ અક્ષરના આ શબ્દની ઓળખ અને એની અનુભૂતિ સર્વસામાન્ય પણ છે અને વ્યાપક પણ છે! હિંચકો એટલે કઠેડાવાળો મોટો હિંચકો - ઝુલો. આ ઝુલાને આપણે અનેકરુપે - અનેક અર્થો સાથે જોયો હશે, પરંતુ આ ઝુલો 'ઝુલતી વ્યાસપીઠ' બની જાય અને ઘરઘરમાં બેઠેલા વિશ્વભરના શ્રોતાઓ ઝુલતી વ્યાસપીઠ પરથી રજૂ થતા સંવાદનું શ્રવણ કરે એ ઘટના જ વિશ્વમાં પહેલીવાર બની છે અને એમાં જોડાનાર સહુ માટે ધન્યતાનો અનુભવ કરાવનારી બની છે.

ઝુલતી વ્યાસપીઠ પર, તલગાજરડામાં બેસીને સંવાદ કર્યો, સમગ્ર વિશ્વમાં પ્રેમ-પ્રાર્થના ને પ્રસન્નતાનો પ્રસાર કરી રહેલા પૂજ્ય મોરારિ બાપુએ.

હિંચકો એટલે ઘોડિયાથી ઘડપણ સુધીનો માનવીનો સંગાથ. વ્યાસ શબ્દના ઘણા અર્થો મળે છે, એની સાથે પીઠ શબ્દ જોડાય છે. ત્યારે બને છે વ્યાસપીઠ શબ્દ, જેનો આપણી પરંપરામાં અર્થ છે, વક્તા કે કથાકારને બેસવાનું સ્થાન.

કોરોના વાઈરસની મહામારીથી બચવા અને તેની સામે લડવા 'ઘરમાં રહો, સુરક્ષિત રહો' સૂત્ર સાથે રાષ્ટ્રના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તારીખ ૨૪ માર્ચ, ૨૦૨૦ની સાંજે ભારતમાં તા. ૨૫ માર્ચ, ૨૦૨૦ થી ૨૧ દિવસ માટે લોકડાઉન જાહેર કર્યું.

તારીખ ૨૫ માર્ચના દિવસે ચૈત્રી નવરાત્રીનો શુભારંભ થયો.... પૂજ્ય મોરારી બાપુએ તલગાજરડાંમાં હિંચકે - ઝુલા પર બેસીને આ દિવસથી સંવાદનો આરંભ કર્યો, 'હરિકથા સત્સંગ' રુપે. આરંભે જ પૂજ્ય બાપુએ કહ્યું, 'સભી કો મેરા જય સીયારામ' આદરણીય પ્રધાનમંત્રીના લોકડાઉન સંદર્ભના સંદેશનો ઉલ્લેખ કરીને તેઓએ કહ્યું, 'સભી કો વિનય કર રહા હું, સ્વ સે લેકર સર્વ કે હિત કે લીયે, ડરર નહિ, ગંભીરતા સે ગ્રહણ કરે, લોકડાઉન હમ સબ કે લીયે એક અનુષ્ઠાન હૈ, જૂડ જાયે, પૂરી પ્રામાણિકતા સે સહયોગ કરે.'અને આમ લોકડાઉનના આ સમયને રાષ્ટ્રીય અનુષ્ઠાન રુપે સ્વીકારીને આરંભ થયો હરિકથા સત્સંગ લાભનો.

મારું એ પરમ સૌભાગ્ય રહ્યું છે કે છેક ૧૯૭૭-૭૮ થી પૂજ્ય બાપુની કથાનો હું શ્રોતા રહ્યો છું, હનુમાનજી મહારાજ અને તલગાજરડાંની ભૂમિ મારા માટે શ્રદ્ધેય રહ્યા છે, અને પૂજ્ય બાપુના સાનિધ્યમાં સૂર-શબ્દની યાત્રા પણ થતી રહી છે.

'હરિકથા સત્સંગ'માં પણ કેટલાક દિવસોને યાદ કરતા મોટાભાગે શ્રવણ લાભ મળ્યો. અંગત અનુભૂતિની વાત કરું તો સ્વયં અનુશાસનમાં રહેવામાં, નકારાત્મક વિચારોથી દૂર રહેવામાં, પરમતત્ત્વ માત્ર આપણું જ નહિ સર્વનું કલ્યાણ કરશે જ એ શ્રધ્ધાને દૃઢિભૂત કરવામાં 'હરિકથા - સત્સંગ' શબ્દાતીત અનુભૂતિ આપી છે. બાપુ જેમને વૈશ્વિક વ્યાસ વાટિકાના ફલાવર્સ કહે છે એમાંના મોટા ભાગનાને કદાચ આ ભાવ -અનુભૂતિ થઈ હશે.

લોકડાઉન ૧.૦ થી ૪.૦ સુધી લંબાતું ગયું અને શ્રોતાઓની જીજ્ઞાસા તથા પૂજ્ય બાપુની સ્મૃતિ આધારિત સંવાદ પણ આગળ વધતો ચાલ્યો. બાપુની ઝુલતી વ્યાસપીઠની પાછળ હરિયાળા વૃક્ષો, ક્યારેક પંખીઓનો કલરવ અને ક્યારેક પસાર થતા વાહનોનો અવાજ અને કરૂણામય - પ્રેમમય સ્વરે, ધીમે ધીમે વહેતી પૂજ્ય બાપુની વાણી.

સંવાદ દરમિયાન પૂજ્ય બાપુએ એમના સદ્‌ગુરુ,પૂજ્ય ત્રિભુવનદાદાને સતત યાદ કર્યા. ને કહ્યું કે 'ગુરુ કૃપાથી જે સમજ્યો તે સંવાદ કરું છું. બાળપણના સ્મરણો યાદ કરીને સહજરીતે સ્નેહ જળથી સભર થતી હતી એમની આંખો.'

એક સમયે પ્રાર્થમિક શાળાના શિક્ષક રહી ચૂકેલા પૂજ્ય બાપુ, એમની ૭૫ વર્ષની વયે પણ પોતાની અંદર વિદ્યાર્થીને જીવંત રાખે છે એ વાતની અનુભૂતિ ત્યારે થાય જ્યારે કેટલાક સંવાદોમાં તેઓએ કહ્યું કે 'જે તે સમયે સ્મૃતિમાં આવતું ગયું તે હું નોંધતો રહ્યો છું.' અને એ નોંધ પર નજર ફેરવીને બાપુ સંવાદમાં આગળ વધતા જાય.

આટલા દિવસોમાં વિષયોનું વૈવિધ્ય એટલું કે એક એક દિવસના સંવાદ પર એક એક લેખ લખી શકાય. સંવાદમાં પૂજ્ય બાપુએ કહ્યું કે, 'સમજાને કી ચેષ્ઠા નહિ હૈ, સમજાને નહીં આયા હું, મેરા પ્રવચન મેરા સ્વાધ્યાય હૈ.'

સંવાદમાં જ પૂજ્ય બાપુએ 'મેરી ઝુલતી વ્યાસપીઠ' એવો શબ્દ ક્યારેક કહ્યો અને આ લેખ લખવા અક્ષરો મંડાયા.

હિંચકા પર બેસનારનો એ અનુભવ છે કે જેટલો આગળ જાય, એટલો જ પાછળ પણ જાય, અને દરમિયાન મધ્યમાં આવે જ, જ્યારે બેસનારના પગ દરતીને સ્પર્શે... આ અનુભૂતિ સાથે જ સ્પર્શે એવા શબ્દો પૂજ્ય બાપુએ કહ્યા હતા. સંવાદમાં 'મૂળ સાથે મહોબ્બત રાખો.'

લોકડાઉનના બીજા ચરણ સમયે હરિકથા સત્સંગ સાંભળથા આંખો સજળ થઈ અને કંઈક લખવા સહજ ભાવ જાગ્યો તે આજે છેક લોકડાઉનના ચોથા ચરણમાં અંતિમ દિવસોમાં શબ્દો લખાયા છે, ઝુલતી વ્યાસપીઠના અજવાળા હૃદયમાં ઝીલાયા છે.

શિક્ષકો કહે છે કે અમે પણ કોરોના વોરિયર છીએ...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આપણે આજકાલ સોશિયલ મીડિયામાં અને પ્રિન્ટ મીડિયામાં પણ ડોક્ટર,પોલીસ, નર્સ, સફાઈકામદાર જેવા અડિખમ સૈનિકોનું અને મનુષ્યનાં રુપમાં દેવતુલ્ય કાર્ય કરતાં મહાનુભાવોનું સન્માન કરતા વીડીયો, ફોટો અને સંદેશાઓ ખૂબ વાયરલ કરીએ છીએ. એક સંવેદનશીલ સમાજ તરીકે તેમને અપાતું સન્માન ખૂબ જ અભિનંદનીય છે. અને થવું જ જોઈએ. આ જવાનો જીવના જોખમે કોરોના સામે બાથ ભીડીને દિવાલની જેમ આપણી અને કોરોના વચ્ચે ઊભા છે.

સંવેદનાઓને જાગૃત કરતો અને આપણા પબ્લિક સેક્ટરને બિરદાવતો આ શિરસ્તો જોઈને આનંદ તો થાય જ છે, પણ સાથે સાથે દુઃખ પણ થાય છે કે વળી પાછો કાયમ અણીના ટાણે મદદ કરતા શિક્ષકને જ કેમ હાંસિયામાં ધકેલી દેવાયો છે ? જેટલી નોંધ આ માસ્તરોની લેવાવી જોઈએ, કે જેઓ અત્યારે માંના સ્તર સુધી જઈને કાર્ય કરી રહ્યાં છે. એ શિક્ષકોને અભિનંદન નહીં આપવાના?

એક નજર માંડો શિક્ષકો આ કપરા સમયમાં કંઈ કંઈ કાર્યવાહી નિભાવે છે.

રેશનિંગની દુકાનોમાં અનાજ વિતરણની કામગીરી. મજૂરોને ભથ્થું અપાવવાની જવાબદારી. જ્યાં આરોગ્ય કર્મચારીઓ ઓછા છે, ત્યાં ઘરે ઘરે જઈને સર્વે કરવાની જવાબદારી. ગામમાં કોઈ બહારથી આવે તો તેની યાદી બનાવવાની જવાબદારી. શિક્ષક એટલે કોઈ પણ વિભાગમાં જેની ઘટ પડે, તેની પ્રોક્સી પુરવાવાળો વ્યક્તિ.

શ્રમિકોને મૂકવા માટેના અભિયાનમાં પાયાની જવાબદારી આ શિક્ષકો જ સંભાળે છે. તેમનું સ્ક્રીનિંગ કરીને તેમને તાલુકા મથકેથી રેલવે સ્ટેશન મૂકવા જવાની કાર્યવાહી. ક્વોરેન્ટાઈન સેન્ટરોમાં પણ આ શિક્ષકો જ કામ કરી રહ્યાં છે. કંટ્રોલરૂમમાં પણ શ્રમિકોને ફોન કરીને બોલાવવાની જવાબદારી. (સવારે ૪ કે ૫ વાગ્યે ઊભા થઈને ડ્યૂટી પર જતો શિક્ષક નજરે જોયો છે.)

શું તમે જાણો છો ? આ જ પ્રકારની કામગીરી કરતાં કરતાં ચાર શિક્ષકોએ પોતાના જીવ ખોયા છે. ક્યાંય આ ચારેય શિક્ષકોનાં ફોટાવાળી પોસ્ટ ફરતી હોય, કે તેમના કાર્ય વિશે કોઈ ટી.વી. ચેનલ પર વિશેષ કાર્યક્રમ દર્શાવાતો હોય તો જણાવજો હો ! મેં હજી સુધી શિક્ષકોનાં ગ્રૂપ સિવાય આ મહાનુભાવોના કરુણ નિધન વિશે ક્યાંય વાંચ્યું નથી.

જ્યાં જ્યાં નજર મારી ઠરે ૫. શિક્ષકોની કામગીરી જ નજરે આવે છે. આ સમય એવો છે જ્યારે આપણે સહુએ ભેગા મળીને યુદ્ધે ચડવાનું છે. અને આપણને વારંવાર કહેવામાં આવે છે કે, આ યુદ્ધ ઘરમાં રહીને લડવાનું છે, મહેરબાની કરીને બહાર ન નીકળતા.

જ્યારે આ શિક્ષકો આવા સમયે બહાર નીકળે છે. એક શિક્ષક જ એવો છે, જેની જોબપ્રોફાઈલ ખૂબ જ ફ્લેક્સીબલ છે. એક ડોક્ટર, એક નર્સ અત્યારે કાર્ય કરે છે, તે વંદનીય તો છે જ પણ તે તેમની જોબ પ્રોફાઈલ છે. જ્યારે શિક્ષક તો બત્રીસ લક્ષણો હોય છે. કોઈ પણ કામગીરીમાં તેને તો અવશ્ય યાદ કરવામાં આવે છે. દેશ પર સંકટ આવ્યું હોય ત્યારે પાછું વળીને જોવાનું ન હોય, એક નાગરિક તરીકે આપણી આ પવિત્ર ફરજ છે. બસ ડંખ એ વાતનો છે, કે અમુક લોકોને સરકારી શિક્ષકોનું નામ આવે ને પેટમાં ચૂંક આવે છે. શિક્ષકોને ઘણી વખત અકારણ ઘણાં વિઘ્નસંતોષીઓની ઈર્ષ્યાનો ભોગ બનવું પડતું હોય છે.

બાળકોને 'work from home' કરાવવા માટે GCERT દ્વારા ૫૫ દિવસથી 'પરિવારનો માળો' નામનું અભિયાન ચાલે છે. જેમાં બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ, ગીત, વાર્તા, રમતો જેવી અનેક પી.ડી.એફ. ફાઈલ રોજ વાલીઓને મોકલીને પ્રોત્સાહિત કરાય છે. શૈક્ષણિક કાર્યમાં એક દિવસનું પણ લોકડાઉન રહ્યું નથી. શિક્ષણ વિભાગ, શિક્ષકો, આચાર્યો અને વહીવટી વિભાગ સતત કાર્યરત છે.

ન ભૂતો ન ભવિષ્યતિ જેવી આવી પરિસ્થિતિમાં આપણે સરકારની કામગીરી પર પ્રશ્નો કરવાનું ટાળવું જોઈએ. સરકારની દરેક મશીનરી તન-મન-ધનપૂર્વક આ મુશ્કેલીનો સામનો કરી રહી છે.આંગળી ચીંધવી સહેલી છે, આગમાં કૂદીને કામ કરવું અઘરું છે. એક જવાબદાર સમાજના નાગરિક તરીકે આપણે શિક્ષકોનું અવમૂલ્યન કરવાની કુચેષ્ટાથી દૂર રહેવાની આવશ્યકતા છે. એક ખૂબ સરસ વાક્ય ક્યાંક સાંભળ્યું હતું જે મને વારંવાર અવતરણરુપે મૂંકવું ગમે છે : " જે રાષ્ટ્રના ડોક્ટર, સૈનિક, અને શિક્ષક સંતોષાયેલા ન હોય, તે રાષ્ટ્રનું શીઘ્ર પતન થાય છે."

આપણે સ્વયં આપણો નાગરિક-ધર્મ નિભાવતાં આપણાં આ લડવૈયા શિક્ષકો માટે આગળ આવીને આપણી ફેસબુક પોસ્ટ, વ્હોટ્સએપમાં વગેરેમાં આ શિક્ષકોને લગતી કે તેમના કર્તૃત્વને લગતી પોસ્ટ વાયરલ કરીએ. શિક્ષક એટલે પંતુજી જેવી આપણી ભાવનાઓને તડીપાર કરવાનો આ સમય છે.

(આ તો માત્ર ઝાંખી છે, આપણા શિક્ષકો આ સમયે ઘરે રહીને પણ કેવું શૈક્ષણિક કાર્ય કરી રહ્યાં છે, પ્રાઈવેટ સ્કૂલો કેટલા ભગીરથ પ્રયત્નો દ્વારા ભણાવી રહી છે, તે વાત આવતા અંકે...)

- jayuoza@gmail.com, Mo.9898046488

જીવનમાં પાંચ સત્યની સમજ કેળવાય એટલે પત્યું

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આજે આખું જગત ફેન્ટસીમાં જીવે છે. આપણે ભ્રાંતિ ઊભી કરે તેવા ભ્રામક ખ્યાલોને સાચા સમજવા લાગ્યા છે. લોકો વાસ્તવિકતાથી જાણી જોઈને મોં ફેરવતા થઈ ગયા છે. જીવનમાં બે જ સનાતન સત્ય છે. એક પ્રતિબિંબ ઝીલતો અરીસો અને બીજું આત્મા. ચિંતક માર્ક ટ્વેનના મતે સત્ય બોલવાનો સૌથી મોટો ફાયદો એ હોય છે કે, એને બોલ્યા પછી યાદ રાખવાની કોઈ ઝંઝટ રહેતી નથી. અસત્યોની ભીડમાં સત્ય અલગ તરી આવતું હોય છે. જેના આચાર અને વિચારો સત્ય આધારિત હોય છે, એના મુખ ઉપર એક અલગ પ્રકારનું સાત્વિક તેજ હોય છે. વ્યક્તિ પોતાના વિચારો અને માન્યતાઓને સાચા ઠેરવવાની ગળાકાપ સ્પર્ધામાં હંમેશા રચ્યોપચ્યો રહે છે. એના કરતા જો એ જગતમાં જ્યાં પણ સત્ય મળે તેને પકડવાની જીદમાં લાગી જાય તો એની જીત નિશ્ચિત બની જાય છે.

જેનો ક્યારેય ઈનકાર ન કરી શકાય એવા કેટલાક સત્યોનું તથ્ય સમજવાની જરૂર છે. સામાન્ય રીતે મા-બાપ સંતાનોને ભણી-ગણીને અમીર બનવાના જ સપના બતાવતા હોય છે. ખરેખર તો માબાપે બાળકને હંમેશા આનંદમાં અને ખુશ રહેવાના પદાર્થપાઠ શીખવવા જોઈએ. જેના પરિણામે બાળક જ્યારે મોટું થાય ત્યારે કોઈ પણ વસ્તુની આર્થિક કિંમત નક્કી નહીં કરે, વસ્તુનું મૂલ્ય સમજવાની એ કોશિશ કરશે. એક સાધન સંપન્ન પરિવારના બહેને પ્રતિવર્ષ કેરીની સિઝનમાં પહેલા એક ગરીબને કેરી ખવડાવીને પછી જ પોતે કેરી ખાવાનો નિયમ રાખ્યો હતો. તેમની બાળકી નાનપણથી માતાની આ પ્રણાલી નિરખતી રહેતી. મોટી થઈને આ દીકરીએ પણ આ ટ્રેડિશનને ચાલુ રાખી. હજાર-બારસો રૂપિયે મળતી મોંઘી કેરીઓ લઈને પહેલા એક ગરીબને તૃપ્ત કરીને જ દીકરી કેરી ખાતી હતી. વાત ખૂબ નાની છે, પરંતુ આ આખી વાતમાં મૂળતઃ 'પ્રાઈઝ' કરતા 'વેલ્યુ'ને સમજવાની વાતને પ્રાધાન્ય છે.

જીવનનું અન્ય એક ગંભીર સત્ય એ પણ છે કે, જો ખોરાકને દવાની જેમ લેવાની પદ્ધતિ નહીં અપનાવાય તો ભવિષ્યમાં દવા ખોરાકની જેમ લેવાનો વારો આવતા વાર નહિ લાગે. તાજા શાકભાજી, ફળો, હળદર, સૂંઠ, આદુ, લીંબુ, મીઠો લીમડો, તુલસી, કાળા મરી,

અજમો વગેરેમાં મબલખ ઔષધીય ગુણો ભરેલા છે. તેનો વિવેકપૂર્ણ ઉપયોગ ખોરાકને સ્વાદ અને શરીરને સૌષ્ઠવ બંને આપશે. ખોરાકના સ્વાદ કરતાં ખોરાકની શારીરિક આવશ્યકતાઓને સમજીને ખોરાક લેનારા લોકો જીવનને વધુ આનંદમય બનાવી શકે છે. હમણા હમણા લંડનમાં ઔષધીય ગુણ ધરાવતાં ખોરાક લેવાનું ચલણ બહુ મોટા પ્રમાણમાં વિકસ્યુ છે. એક સત્ય એ પણ સમજવું પડે કે, જે વ્યક્તિ તમને ચાહતો હોય છે એ ક્યારેય જીવનમાં તમને છોડીને નહીં જાય એની ગેરંટી છે. આની પાછળનું એક સબળ તારતમ્ય એ છે કે, તમને ચાહનાર વ્યક્તિ પાસે તમને છોડવા માટેના કદાચ એક સો કારણો હશે પણ તમારો સાથ નહીં છોડવા માટેનું એની પાસે સદાય એક મજબૂત કારણ હોય છે.

માણસ અને માનવતા આ બે શબ્દો વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. માણસની કૂખે જન્મ્યા એટલે માણસનો અવતાર મળી ગયો. પણ માણસાઈ એમ જ નથી આવતી. એના માટે સભાન પ્રયાસો કરવા પડે. કોઈની તકલીફમા દુઃખી થઈને એના આંસુ લુછવા એ માનવતા છે. હ્યુમન બીઈંગ અને બીઈંગ હ્યુમન વચ્ચે આ જ સૌથી મોટો અને મજાનો તફાવત છે. આ તફાવતનું સત્ય માણસાઈનો અર્ક છે. માણસ જ્યારે જન્મે ત્યારે અને મૃત્યુ પામે ત્યારે આ બે સમયે તેને લોકો સૌથી વધુ વહાલ કરતા હોય છે. પરંતુ જન્મથી મૃત્યુ વચ્ચેના સમયને માણસે સ્વયં મેનેજ કરવાનો હોય છે. આ સમય ક્યાં, કેવી રીતે અને કોની સાથે પસાર કરવો એનો નિર્ણય વ્યક્તિએ જાતે કરવાનો હોય છે.

જીવનના સનાતન સત્યોની સાથે કોઈપણ ફી વગર સદાય સાથે રહેતા છ વિશ્વના પ્રસિદ્ધ ડોક્ટર મિત્રોને સમજવાના છે. આ ડોક્ટરોનો સાથ જીવનભર નિભાવવાનો છે. જો આ ડોક્ટરો હંમેશા પડખે રહે તો જીવન સદાય રસમય બની રહેશે. સૂર્યપ્રકાશ પહેલો ડોક્ટર છે. રોજ સવારે અને સાંજે મળતી ભરપૂર સનલાઈટ શરીરનો ઉત્તમ તબીબ છે. પ્રતિદિન નિર્ધારિત સમય માટે આરામ બીજો ડોક્ટર છે. દિવસ દરમિયાન થોડો સમય શરીરને રિલેક્સ કરવાનો નિયમ રાખવો જોઈએ. રોજ હળવી કસરત ત્રીજો ડોક્ટર છે. સમતુલિત અને આરોગ્યપ્રદ ખોરાક ચોથો, સેલ્ફ કોન્ફિડન્સ પાંચમો, અને સમજદાર મિત્રો છઠ્ઠો ડોક્ટર મિત્ર છે.

સ્વામી વિવેકાનંદ કહેતા કે, માનવીમાં મૂર્ખાઈ અને નબળાઈઓ તો રહેવાની જ છે. માનવીની અંદર પડેલા સત્યના સંસ્કારો માનવીની નબળાઈઓનો નાશ કરશે. માનવીની મૂર્ખામીઓ દૂર કરવાનો આ એક ઉત્તમ માર્ગ છે. વસ્તુની આર્થિક કિંમત નહીં અને એનું મૂલ્ય સમજવું, પ્રેમ, ખોરાક, માનવતા અને જન્મથી મૃત્યુ વચ્ચેના સમયનું સ્વયં નિયંત્રણ આ પાંચ સત્યની સમજ કેળવાય એટલે પત્યું. સત્ય અને પ્રામાણિકતાનો માર્ગ કપરો છે, કંટકો વાગશે અને પગ પણ છોલાશે. લક્ષ્ય ઝડપથી નહીં મળે. એ પણ એટલું જ ચોક્કસ છે કે, જ્યારે લક્ષ્ય મળશે ત્યારે જગતના સર્વોત્તમ સુખની અનુભૂતિ સહજ રીતે થવા માંડે છે. સત્ય માટે કોઈ શપથની જરૂર નથી. સત્ય તો સ્વયં એક ઊર્જા છે. માનવીમાં પડેલી સ્વયંભુ શક્તિનો સ્ત્રોત સ